| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૯૫૫૧ | | એફોર્ડેબલ હાઉસીગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ધાસ્તીપુરા, સુરત–૩. |

**અપીલ અરજી નં. ૦૧/૨૪–૨૫**

**અરજદાર :** શ્રી સંજય આનંદ પ્રધને
**સામાવાળા :** સેકશન ઓફીસર ( એફોર્ડેબલ હાઉસીગ સેલ ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ**– અરજદાર શ્રી સંજય આનંદ પ્રધનેની આર.ટી.આઈ. એકટ હેઠળની તા.૧૯/૦૯/૨૦૨૪ ની અરજી આઈ.ડી.નં.–૨૪ ( એફોર્ડેબલ હાઉસીગ સેલ ) સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ**–અરજદાર મજકુરની તા. ૧૦/૧૦/૨૦૨૪ની અપીલ અરજી નં.**No.SMC/AFO/FAP/01/24-25.**

અરજદારશ્રી શ્રી સંજય આનંદ પ્રધને તેઓની મુળ અરજી તા.૧૯/૦૯/૨૦૨૪ના રોજ કરેલ આઈ.ડી.નં.૨૪( એફોર્ડેબલ હાઉસીગ સેલ ) થી માહિતી માંગેલ. જે માહિતી સંદર્ભે એફોર્ડેબલ હાઉસીગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર દ્વારા પત્ર નં એફો.હા.સેલ/૧૦૨૭ તા.૦૪/૧૦/૨૦૨૪ થી નમુના–ગ થી માહિતી/પુર્તતા પુરી પાડવામાં આવેલ છે.

ઉપરોકત પત્ર નં એફો.હા.સેલ/૧૦૨૭ તા.૦૪/૧૦/૨૦૨૪ થી નમુના–ગ મુજબની પૂરી પાડવામાં આવેલ માહિતી સંદર્ભે અરજદાર દ્વારા અપીલ તબકકે આપેલ ફરીયાદ અરજી પર મુળ અરજીથી માંગવામાં આવેલ માહીતી સંદર્ભે જાહેર માહિતી અધિકારીશ્રી એફોર્ડેબલ હાઉસીગ સેલ, સુરત મહાનગરપાલિકાના તા.૦૪/૧૦/૨૦૨૪ ના રોજના પત્રથી કરેલ નિર્ણયથી નારાજ થઈને મુળ અરજીથી માંગવામાં આવેલ માહીતી સંદર્ભે અમે માંગેલ માહિતી પુરતુ ઘ્યાન કે લક્ષ આપેલ નથી. એલોટેડ ફલેટ લાભાર્થીના ખરેખર દિવ્યાંગ છે કે નહિ જે અંગે દિવ્યાંગોના પ્રમાણપત્ર સહિતની માહિતી આપેલ નથી. તેમ જણાવી પ્રથમ અપીલ દાખલ કરેલ જે નીચે મુજબ છે.

| **અપીલ તબકકે અરજદારની રજુઆત** |
|---|
| અમોએ પ્રધાનમંત્રી આવાસ યોજના ફેઝઃ ૩/૪/૫ હેઠળ આવાસ મેળવવા અરજી કરેલ હતી. તેમાં અમો અરજદાર દિવ્યાંગ કેટેગરીમાં આવતા હોય અમો ૪૦% અપંગતા ધરાવતા હોવાથી તે હેઠળ જરૂરી કાર્યવાહી સહ પુરાવા હજુ કરતા અમોને વેઈટીગ લીસ્ટ મુજબ નં. ડબલ્યુ–બી–એચ./૩૧ આપેલ છે. તેથી અમો નારાજ થતા અમોઅ. ઉપરોકત વિષય પરત્વે અરજી કરી માહિતી માંગેલ હતી.<br>તેમાં અમોએ રજુ કરેલા પુરાવા અને જવાબ મુજબ ક્રમ નં. ૧ થી ૩ ના માત્ર નામ અને એલોટેડ ફલેટ નંબર મુજબ માહિતી આપેલ છે. અમોએ માંગેલ માહિતી પુરતુ ઘ્યાન કે લક્ષ આપેલ નથી. અથવા તો.....––નરો–વા–કુંજરોવા જવાબ આપેલ છે. તે અમોને માન્ય કે કબુલ મંજુર થતો નથી.<br>અમોએ લેખિત પુરાવા અને દિવ્યાંગો હોવાની ખરાઈ કરતા પ્રમાણપત્ર સહિત માંગેલ માહિતી હોય તેનો કોઈ જગ્યાએ ઉલ્લેખ કરેલ નથી. અમો સખ્ત રીતે નારાજ થયેલા છીએ.<br>માટે આ બાબતે (૧) લક્ષ્મીબાઈ રોહિદાસ ખજુરે (૨) પાટીલ નિલીમા કૈલાસ (૩) પાટીલ મીરાબેન જીવરાજભાઈ ખરેખર દિવ્યાગ છે કે નહી તે કોઈ પુરવાર થતુ જ નથી. અમોને આ બાબતે જરૂરી સિવિલ હોસ્પિટલ થી ટકાવારીની અપંગતા દર્શાવતા યૂનિક ડીસેબસલીટીઆઈકાર્ડ પણ અમોને રજુ કરેલા નથી. તેથી અમો આ કેટેગરીના હોય કઈ રીતે સાબિત થઈ શકે...<br>માટે અમો નારાજ થતા પત્ર નં. ૧૦૨૭/૨૦૨૪ ની મુદતમાં આપ સાહેબને અપીલ અરજી કરી છે.<br>અમોને આ બાબતે ઉપર્યુકત ૩ અપંગો–દિવ્યાંગ કેટેગરીના પુરાવા સહીત યૂનિક આઈ.કાર્ડ સહીતના પ્રમાણીત પુરાવા આપવા અથવા ન આપી શકો તો પછી મારે આ બાબતે કોને અરજી કરવી કે બોર્ડ નિગમ કે કલેકટરશ્રી સુરતને અપીલ કરી શકાય તેની માહિતી ચોકકસ આપવા અરજ છે. |

ઉપરોક્ત અપીલ સંદર્ભે અત્રેના પત્ર નં.એફો.હા.સેલ.આ.નં.૧૧૪૪ તા.૧૭/૧૦/૨૦૨૪ના રોજ પત્ર પાઠવી તા.૨૧/૧૦/૨૦૨૪ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે અત્રેની કચેરીએ અપીલ અધિકારી સમક્ષ રૂબરૂ સુનવણી રાખવામાં આવેલ. જે અન્વયે આપશ્રી હાજર રહી પોતાની રજુઆત નીચે મુજબ રજુ કરેલ છે.

| **અપીલ સુનવણી તબકકે અરજદારની રજુઆત** |
|---|
| મેરી અરજી ૧૯/૦૯/૨૦૨૪ આર.ટી.આઈ. કે તહત દિવ્યાંગો કા સર્ટીફિકેટ કે લિયે રજુઆત કીયા હુઆ હે ઓર મેરા વેઈટીગ નંબર ૩૧ નંબર બતા રહા હે ઉસકા પુરી પુરી મુજે માહિતી મુજે ચાહિયે. |

| **અપીલ સુનવણી તબકકે પી.આઈ.ઓ.ની રજુઆત** |
|---|
| આપના ધ્વારા પ્રધાનમંત્રી આવાસની યોજનાની સ્કીમ EWS-51 અંતર્ગત કોમ્પ્યુટરાઈઝડ ડ્રોમાં દિવ્યાંગ કેટેગરીમાં ફાળવાયેલ ઈસમોના દિવ્યાંગ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. જે સર્ટીફીકેટો ત્રાહિત ઈસમો ધ્વારા તેમની અરજીના સંદર્ભમાં આપેલ હોય, ત્રાહિત વ્યકિતના પેપર્સો અન્ય ઈસમને આપી શકાય નહી. જેથી તે મુજબનો જવાબ આપને પાઠવવામાં આવેલ અને દિવ્યાંગ કેટેગરીમાં જે લાભાર્થીઓને મકાન ફળવાયેલ છે તેમના નામ અને ફલેટ નંબર સહિતની યાદી આપને આપવામાં આવેલ છે. જેથી આપની અપીલ ગ્રાહય રાખવા જોગ નથી. કોમ્પ્યુટરાઈઝડ ડ્રો માં અરજદાર વેઈટીગમાં ૩૧ નંબર ઉપર રહેલા છે. જેનો પ્રશ્નાર્થ સ્વરૂપે માહિતી માંગેલ છે જે આપી શકાય નહી. |

| **અપીલ તબકકે પુર્તતા** |
|---|
| આપના દ્વારા માંગવામાં આવેલ માહિતી સંદર્ભે પ્રધાનમંત્રી આવાસ યોજના (ફેઝ–૩,૪,૫) અંતર્ગત સ્કીમ કોડ EWS-51 સુમન નુપુરમાં અરજી ફોર્મમાં દર્શાવેલ આરક્ષણના નિયમો મુજબ કુલ ૬૩ આવાસના કરવામાં આવેલ કોમ્પ્યુટરાઈઝડ ડ્રો પૈકી દિવ્યાંગ લાભાર્થીઓને ફાળવવામાં આવેલ આવાસની વિગત દર્શાવતુ પત્રક ની નકલ અપવામાં આવેલ છે. જેમાંથી આપ માંગેલ માહિતીનો સંદર્ભ મેળવી શકો છો. તેમ જણાવવામાં આવેલ. સદર ફાળવવામાં આવેલ લાભાર્થીઓના સર્ટીફીકેટ સાથે તમામ માહિતીની વિગત ત્રાહિતને લગતી અંગત માહિતી હોય જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબંધ ધરાવતી ન હોય તેવી અથવા કોઈ વ્યકિતના અંગત જીવનમાં બિનજરૂરી દખલ થાય તેવી જાણકારી બાબતે તેમજ વિશ્વશનીય સંબંધોને આધારે આવાસ મેળવવાના હેતુસર ઉપલબ્ધ કરાવેલ હોય તેવી માહિતી આરટીઆઈ એકટની કલમ–૮(૧)(ઠ) મુજબ માહિતી આપવાનો ઈન્કાર કરવામાં આવેલ છે. અમો અરજદારનો વેઈટીગ કેમ આવે છે. તે સંદર્ભે આર.ટી.આઈ એકટ–૨૦૦૫ હેઠળ ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી આપવાની જોગવાઈ હોય આપના દ્વારા માંગવામાં આવેલ અન્ય માહિતી પ્રશ્નાર્થ સ્વરૂપ માંગવા સમાન છે. જેથી અન્ય રેકર્ડ આધારિત માહિતી "નીલ" છે. તેમ જણાવવામાં આવેલ. વધુમાં સદર સ્કીમમાં કુલ ૩૫ દિવ્યાંગ અરજદારોની અરજી મળેલ જે પૈકી કોમ્પ્યુટરાઈઝડ ડો ધ્વારા ૩ (ત્રણ) લાભાર્થીઓને આવાસ ફાળવી બાકીના ૩૨ (બત્રીસ) લાભાર્થીઓનું વેઈટીગ લીસ્ટ બનાવવામાં આવેલ. જેમાં આપશ્રી નો વેઈટીગમાં નંબર ૩૧ છે. જે જાણશો.<br><br>સદર અપીલ હુકમથી અરજદાર સંતુષ્ત ન હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકશે. |

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૯૫૫૧ | | એફોર્ડેબલ હાઉસીગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ધાસ્તીપુરા, સુરત–૩. |

**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

ઉપરોકત હકીકત ધ્યાને લેતા મજકુર આપને રૂબરૂ સુનાવણી દરમ્યાન અપીલ અરજી તેમજ અપીલ સુનવણી તબકકેની રજુઆત બાબતે વિસ્તૃત ચર્ચા/વિચારણા કરી પુરતી સમજ આપવામાં આવેલ. માંગવામાં આવેલ અરજીની માહિતીના મુદ્દાની વિગત જોતા માંગવામાં આવેલ માહિતી સંદર્ભે એફોર્ડેબલ હાઉસીગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર દ્વારા લાગત માહિતી માટે પત્ર નં એફો.હા.સેલ/૧૦૨૭ તા.૦૪/૧૦/૨૦૨૪ થી નીચે મુજબ નમુના–ગ થી માહિતી/પુર્તતા પુરી પાડવામાં આવેલ, માંગવામાં આવેલ દિવ્યાંગ લાભાર્થીઓને ફાળવવામાં આવેલ આવાસના લાભાર્થીઓના સર્ટીફીકેટ સાથે તમામ માહિતીની વિગત જે આરટીઆઈ એકટની કલમ–૮(૧)(ઠ) થી કરવામાં આવેલ જોગવાઈ મુજબ ત્રાહિતને લગતી કોઈ જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબંધ ધરાવતી ન હોય તેવી અથવા કોઈ વ્યકિતના અંગત જીવનમાં બિનજરૂરી દખલ થાય તેવી જાણકારી બાબતે તેમજ વિશ્વશનીય સંબંધોને આધારે આવાસ મેળવવાના હેતુસર ઉપલબ્ધ કરાવેલ હોય તેવી માહિતી આરટીઆઈ એકટની કલમ–૮(૧)(ઠ) મુજબ માહિતી આપવાનો ઈન્કાર કરવામાં આવેલ છે. જે ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(એર્ફોડેબલ હાઉસીગ સેલ) ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને નિયમાનુંસારની જણાતી હોય, પ્રસ્તુત અપીલ અરજી પરત્વે વધુ કોઈ માહિતી પુરી પાડવાની કે કાર્યવાહી કરવાનું જરુરી જણાતુ નહી હોય અપીલ અરજી દફતરે કરી નિકાલ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

એફો.હા.સેલ. આ.નં./૧૧૭૭
તા.૨૩/૧૦/૨૦૨૪

**( એમ.પી. ભીટોરા )**
**એપેલેટ અધિકારી અને**
**પર્સોનેલ ઓફીસર,**
**એફોર્ડેબલ હાઉસીંગ સેલ**

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફો.હા.સેલ) પ્રતિ...... જાણ માટે.
**નકલ રવાનાઃ** નોડલ ઓફિસરશ્રી (આર.ટી.આઈ.સેલ) પ્રતિ.... જાણ માટે.
**નકલ રવાનાઃ** શ્રી સંજય આનંદ પ્રધને.......પ્રતિ.... જાણ માટે.

**અપીલ અરજી નં. ૦૨/૨૪–૨૫**

**અરજદાર :** શ્રી વિશાલભાઈ શૈલેષકુમાર મુન્શી
**સામાવાળા :** સેકશન ઓફીસર ( એફોર્ડેબલ હાઉસીગ સેલ ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદાર શ્રી વિશાલભાઈ શૈલેષકુમાર મુન્શીની આર.ટી.આઈ. એકટ હેઠળની તા.૧૦/૧૦/૨૦૨૪ ની અરજી આઈ.ડી.નં.–૨૮૬ (સાઉથ વેસ્ટ ઝોન–અઠવા) મુદ્દા નં.૫ અને ૭ સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા. ૨૫/૧૧/૨૦૨૪ની અપીલ અરજી નં.**No.SMC/AFO/FAP/02/24-25.**

અરજદારશ્રી વિશાલભાઈ શૈલેષકુમાર મુન્શી એ તેઓની મુળ અરજી તા.૧૦/૧૦/૨૦૨૪ના રોજ કરેલ આઈ.ડી.નં.૨૮૬( સાઉથ વેસ્ટ ઝોન–અઠવા) થી મુદ્દા નં.૧ થી ૧૩ ની માહિતી માંગેલ. જે માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીગ સેલ) દ્વારા માહિતીની નકલ માટે અત્રેના ખાતા દ્વારા પત્ર નં. એફો.હા.સેલ/૧૨૧૮ તા.૨૮/૧૦/૨૦૨૪ થી નમુના–ખ થી નકલ ફીના રૂા.૧૬/– ભરવા માટે પત્ર પાઠવવામાં આવેલ જે અન્વયે અરજદાર દ્વારા સેન્ટ્રલ ઝોન નાગરીક સુવિધા કેન્દ્ર ખાતે નકલ ફી પેટે રૂા. ૧૬/– રસીદ નં.૩૦૦/૭૮ તા.૦૪/૧૧/૨૦૨૪ થી જમા કરાવેલ તેની જાણ અત્રેના ખાતાને તા.૦૫/૧૧/૨૦૨૪ના રોજ થયેલ છે. જે માહિતી સંદર્ભે એફોર્ડેબલ હાઉસીગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીગ સેલ) દ્વારા પત્ર નં .એફો.હા.સેલ/૧૨૩૮ તા.૦૬/૧૧/૨૦૨૪ થી નમુના–ગ માં જવાબ/પુર્તતા થી માંગેલ માહિતીની નકલો પુરી પાડવામાં આવેલ.

ઉપરોકત પૂરી પાડવામાં આવેલ માહિતી સંદર્ભે અરજદાર દ્વારા અપીલ તબકકે આપેલ ફરીયાદ અરજી પર મુળ અરજીથી માંગવામાં આવેલ માહિતી સંદર્ભે મુદા નં. ૫ અને ૭ ની પુર્તતા થી નારાજ થઈ અધિકારીઓ ધ્વારા જાણી જોઈને સુરત મહાનગરપાલિકાના સર્વેસર્વા સમજી ખોટા કરારને પોતાની મનસ્વી માન્યતા આપી તેમજ ખોટા પુરાવાને આધારે આવાસની ફાળવણી કરી સુરત મહાનગરપાલિકાને આર્થિક નુકશાન પહોચાડી ગંભીર ગુનો કરેલ છે. તેમ જણાવી પ્રથમ અપીલ દાખલ કરેલ છે.

**પ્રથમ અપીલ કરી દાદ માંગેલ છે. જે લાગત રજુઆત બાબતે ખાતાકીય પૂર્તતા દર્શાવ્યા મુજબ છે.**

| અપીલ તબકકે અરજદારની રજુઆત |
|---|
| (૧) સુરત મહાનગરપાલિકાના એફોર્ડેબલ હાઉસીગ સેલ દ્વારા EWS-48 સુમન મુદ્રાના ફલેટ નં. E-401 ના અરજદાર રમીલાબેન પ્રકાશભાઈ ધોળકિયાએ રજુ કરેલ સી–૧૨૪, રિવર પાર્ક સોસાયટી, સિંગણપોર રોડ, સુરત નું ભાડાકરાર કે જે મિલકતનો વેરાબીલ ટેના નં. 19C-05-6535-0-001 છે આવાસ માટે ડ્રો માં પસંદગી પામેલ ઉમેદવારોના ફોર્મ સાથે જમા કરાવેલ પુરાવાઓની ખરાઈ (ડોકયુમેન્ટ વેરીફીકેશન) ની કામગીરી દરમ્યાન લાભાર્થીઓએ રજુ કરેલ સુરત મહાનગરપાલિકાના જ વેરાબીલમાં કબજેદાર/માલિક તરીકે બે વ્યકિતના નામ (૧) ચાવડા પ્રેમજીભાઈ રામાભાઈ અને (૨) ચાવડા ગંગાબેન પ્રેમજીભાઈ છે તે પૈકી એક જ કબજેદાર/માલિક દ્વારા ભાડાકરાર બનાવી આપેલ છે તો શું આવા ભાડા કરારને કાયદેસરના ભાડા કરાર તરીકે માન્ય ગણવામાં આવે છે તે જણાવશો.<br><br>(૨) સુરત મહાનગરપાલિકાના એફોર્ડેબલ હાઉસીગ સેલ દ્વારા આવાસના અરજદારોએ રજુ કરેલ ભાડા કરાર કાયદેસરનો છે કે ગેરકાયદેસરનો છે તેની ખરાઈના માપદંડ કે નિયમો વિશે વિગતે માહિતી આપશો. |

ઉપરોકત અપીલ સંદર્ભે અત્રેના પત્ર નં.એફો.હા.સેલ.આ.નં.૧૬૬૬ તા.૧૯/૧૨/૨૦૨૪ના રોજ પત્ર પાઠવી તા.૨૪/૧૨/૨૦૨૪ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે અત્રેની કચેરીએ અપીલ અધિકારી સમક્ષ રૂબરૂ સુનવણી રાખવામાં આવેલ. જે અન્વયે અરજદાર હાજર રહી પોતાની રજુઆત નીચે મુજબ રજુ કરેલ છે.

| અપીલ સુનવણી તબકકે અરજદારની રજુઆત |
|---|
| શ્રીમતી રમીલાબેન પ્રકાશભાઈ ધોળકીયા દ્વારા રજુ કરેલ ભાડાકરારમાં સુરત મહાનગરપાલિકાના આકારણી વિભાગના રેકર્ડ મુજબ વેરાબીલમાં અરજદાર લાભાર્થીના માતા–ગંગાબેન પ્રેમજીભાઈ ચાવડા તથા પ્રેમજીભાઈ રામાભાઈ ચાવડાનું નામ હોય તેમ છતા સહિયાળી મિલકતમા બે વ્યકિતની માલિકી હોવા છતા માત્ર એક વ્યકિતના દ્વારા ભાડાકરાર પોતાની પુત્રીને બનાવી આપેલ હોય જે કાયદેસરનો ન હોવા છતા આપશ્રીના વિભાગ દ્વારા માન્ય રાખેલ છે. જે અંગે વાંધો હોય આપશ્રીના વિભાગ ધ્વારા સ્પષ્ટ માહિતી આપવા વિનંતી. |

| અપીલ સુનવણી તબકકે પી.આઈ.ઓ.ની રજુઆત |
|---|
| લાભાર્થીઓ ધ્વારા આવાસ મેળવવાની અરજી સાથે રજુ કરેલ ભાડાકરાર, ચાવડા ગંગાબેન પ્રેમજીભાઈ ધ્વારા કરી આપવામાં આવેલ. જે મિલકત અંગે ભાડાકરાર રજુ કરેલ, તે મિલકતના રજુ કરેલ વેરાબીલમાં માલિક કબજેદારો પૈકી ચાવડા ગંગાબેન પ્રેમજીભાઈનું નામ હોય, તે વેરાબીલમાં દર્શાવેલ મિલકતના માલિકો પૈકીના માલિકે ભાડાકરાર કરી આપેલ હોય, તેમજ કાયદેસરના સ્ટેમ્પ પેપર ઉપર નોટરાઈઝડ કરવામાં આવેલ હોવાનું ધ્યાને લઈ ભાડાકરાર ગ્રાહય રાખવામાં આવેલ છે. જે યોગ્ય છે. |

| અપીલ તબકકે પુર્તતા |
|---|
| આપના ધ્વારા માંગવામાં આવેલ સદર અપીલ અરજીના મુદા તબકકે આર.ટી.આઈ.એકટ ૨૦૦૫ હેઠળ ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ રેકર્ડ આધારિત માહિતી આપવાની જોગવાઈ હોય માંગવામાં આવેલ માહિતી અભિપ્રાય મંતવ્ય માંગવા સમાન હોવા છતા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત અરજદાર રમીલાબેન પ્રકાશભાઈ ધોળકીયાએ તેમના અરજી ફોર્મ સાથે રજુ કરેલ પુરાવાઓ, એડવોકેટ કિન્નરી પી. લેખડીયા ધ્વારા નોટરાઈઝડ થયેલ ભાડાકરાર તેમજ સાથે રજુ કરવામાં આવેલ વેરાબીલમાં દર્શાવેલ માલિક ચાવડા ગંગાબેન પ્રેમજીભાઈ ધ્વારા ભાડાકરાર કરી આપવામાં આવેલ હોવાની ખરાઈ કરી માન્ય ગણવામાં આવેલ છે. તેમજ લાભાર્થી ધ્વારા અરજી ફોર્મમાં જણાવેલ પુરાવાઓ રજુ કરી તેમજ સરકાર માન્ય સ્ટેમ્પ વાપરી હોય, એડવોકેટ કિન્નરી પી. લેખડીયા ધ્વારા નોટરાઈઝડ થયેલ ભાડાકરાર કરનાર માલિક તેમજ ભાડાકરાર કરાવનાર બંનેના ઓળખકાર્ડ તેમજ ભાડે આપેલ મિલકતના વેરાબીલ ભાડે આપનાર માલિકના નામ વાળા રજુ કરવામાં આવેલ હોય છે. જેને આધારે ખરાઈ કરવામાં આવે છે. આમ અરજદારને નમુના–ગ માં પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને નિયમાનુંસારની જણાતી હોય, અરજદારની અપીલ તબકકેની અરજદારની રજુઆત ધ્યાને લેવા જોગ જણાતી નથી. |

| | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૯૫૫૧ | | એફોર્ડેબલ હાઉસીગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ધાસ્તીપુરા, સુરત–૩. |
|---|---|---|---|

**–: હુ ક મ :–**

આપની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ઘ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

ઉપરોકત હકીકત ઘ્યાને લેતા આપના ઘ્વારા માંગવામાં આવેલ અરજીના મુદ્દા નં.૧ થી ૧૩ ની માહિતી માંગેલ. જે માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીગ સેલ) દ્વારા માહિતીની નકલ માટે અત્રેના ખાતા દ્વારા પત્ર નં. એફો.હા.સેલ/૧૨૧૮ તા.૨૮/૧૦/૨૦૨૪ થી નમુના–ખ થી નકલ ફીના રૂા.૧૬/– ભરવા માટે પત્ર પાઠવવામાં આવેલ જે અન્વયે આપના દ્વારા સેન્ટ્રલ ઝોન નાગરીક સુવિધા કેન્દ્ર ખાતે નકલ ફી પેટે રૂા. ૧૬/– રસીદ નં.૩૦૦/૭૮ તા.૦૪/૧૧/૨૦૨૪ થી જમા કરાવેલ તેની જાણ અત્રેના ખાતાને તા.૦૫/૧૧/૨૦૨૪ના રોજ થયેલ છે. જે માહિતી સંદર્ભે એફોર્ડેબલ હાઉસીગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીગ સેલ) દ્વારા પત્ર નં .એફો.હા.સેલ/૧૨૩૮ તા.૦૬/૧૧/૨૦૨૪ થી નમુના–ગ માં જવાબ/પુર્તતા તેમજ માંગેલ માહિતીની નકલો પુરી પાડવામાં આવેલ છે. વધુમાં સરકાર ઘ્વારા માન્ય સ્ટેમ્પ અંતર્ગત એડવોકેટ કિન્નરી પી. લેખડીયા ઘ્વારા નોટરાઈઝડ થયેલ ભાડાકરાર રજુ કરેલ હોય, તેમજ મજકુર અરજદારને રૂબરૂ સુનાવણી દરમ્યાન અપીલ અરજી તેમજ અપીલ સુનવણી તબકકેની રજુઆત બાબતે વિસ્તૃત ચર્ચા/વિચારણા કરી પુરતી સમજ આપવામાં આવેલ. જે ઘ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(એર્ફોડેબલ હાઉસીગ સેલ) ઘ્વારા પુરી પાડવામાં આવેલ મુદા નં ૫ અને ૭ ની માહિતી/પુર્તતા યોગ્ય અને નિયમાનુંસારની જણાતી હોય, પ્રસ્તુત અપીલ અરજી પરત્વે વધુ કોઈ માહિતી પુરી પાડવાની કે કાર્યવાહી કરવાનું જરુરી જણાતુ નહી હોય અપીલ અરજી દફતરે કરવા જોગ જણાય છે.

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

એફો.હા.સેલ. આ.નં./૧૭૨૮
તા. ૩૦/૧૨/૨૦૨૪

**( એમ.પી. ભીટોરા )**
**એપેલેટ અધિકારી અને**
**પર્સોનેલ ઓફીસર,**
**એફોર્ડેબલ હાઉસીંગ સેલ**

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફો.હા.સેલ) પ્રતિ...... જાણ માટે.
**નકલ રવાનાઃ** નોડલ ઓફિસરશ્રી (આર.ટી.આઈ.સેલ) પ્રતિ.... જાણ માટે.
**નકલ રવાનાઃ** શ્રી વિશાલભાઈ શૈલેષકુમાર મુન્શી .......પ્રતિ.... જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૯૫૫૧ | | એફોર્ડેબલ હાઉસીગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ઘાસ્તીપુરા, સુરત–૩. |

**અપીલ અરજી નં. ૦૩/૨૪–૨૫**

**અરજદાર :** શ્રી મુકેશભાઈ આર.રામગોન્ડે
**સામાવાળા :** સેકશન ઓફીસર ( એફોર્ડેબલ હાઉસીગ સેલ ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદાર શ્રી મુકેશભાઈ આર.રામગોન્ડેની આર.ટી.આઈ. એકટ હેઠળની તા.૧૯/૧૧/૨૦૨૪ ની અરજી આઈ.ડી.નં.–૧૮૮૪ (નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન) માંગેલ માહિતી સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા. ૦૪/૦૧/૨૦૨૫ની અપીલ અરજી નં.**No.SMC/AFO/FAP/03/24-25.**

અરજદારશ્રી મુકેશભાઈ આર.રામગોન્ડેએ તેઓની મુળ અરજી તા.૧૯/૧૧/૨૦૨૪ના રોજ કરેલ આઈ.ડી.નં.૧૮૮૪(નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન) થી મુદ્દા નં.૧ ની માહિતી માંગેલ. જે માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીગ સેલ) દ્વારા પત્ર નં .એફો.હા.સેલ/૧૬૦૧ તા.૦૬/૧૨/૨૦૨૪ થી નમુના–ગ માં જવાબ/પુર્તતા થી માંગેલ માહિતીની નકલો પુરી પાડવામાં આવેલ.

ઉપરોકત પૂરી પાડવામાં આવેલ માહિતી સંદર્ભે અરજદાર દ્વારા અપીલ તબકકે આપેલ ફરીયાદ અરજી પર મુળ અરજીથી માંગવામાં આવેલ માહિતી સંદર્ભે મુદા નં. ૧ ની પુર્તતા થી નારાજ થઈ અરજીમાં જણાવેલ ઠરાવોનો અભ્યાસ કર્યા વિના ખોટો મનઘડત જવાબ આપેલ છે., અરજી પ્રમાણે પ્રોપર સફીસીયન્ટ જવાબ ન આપી અરજી દફતરે કરેલ છે. તેમ જણાવી પ્રથમ અપીલ દાખલ કરેલ છે.

પ્રથમ અપીલ કરી દાદ માંગેલ છે. જે લાગત રજુઆત બાબતે ખાતાકીય પૂર્તતા દર્શાવ્યા મુજબ છે.

| **અપીલ તબકકે અરજદારની રજુઆત** |
|---|
| (૧) અમો એપેલેન્ટએ તા.૦૬/૦૮/૨૦૨૪, ના રોજ સ્થાયી સમિતિ અને સેન્ટ્રલ ઝોન, મુગલીસરા સુરતને સંબોધીને એક અરજી આપેલ જે અરજી ઉપર કોઈ કાર્યવાહી ન કરતાં તે બદલની આર.ટી.આઈ.તા.૧૯/૧૧/૨૦૨૪ ના રોજ કરવામાં આવેલ. "સુરત ડીસ્ટ્રીકટ, શહેર સુરતના મોજે વેસુ–ભરથાણા ગામનો ફા.પ્લોટ નં.૨૩૧, જેનો ટી.પી.નં.ર ઉપરબાંધવામાં આવેલ સુરત મહાનગરપાલિકા ધ્વારા નવનિર્મીત મુખ્યમંત્રી આવાસ હેઠળ બાંધકામ કરવામાં આવેલ "સુમન કલા" નામના પ્રોજેકટમાં આવેલ બિલ્ડીગો પૈકી બિલ્ડીગ નં.એ માં લાભાર્થીઓને મુખ્યમંત્રી આવાસ યોજના હેઠળ આપવામાં આવેલા ફલેટો લાભાર્થીઓએ ભાડેથી આપેલ તે ભાડુઆતોની વિરુધ્ધમાં કડક કાર્યવાહી કરવા મહેરબાની કરશોજી.<br>(૨) મુખ્યમંત્રી આવાસમાં લાભાર્થીઓએ ભાડે આપેલ ફલેટ બાબતે સુરત મહાનગરપાલિકા ધ્વારા કયાં પ્રકારના પગલાઓ લેવામાં આવે છે. તેની જરૂરી માહિતી આપવા મહેરબાની કરશોજી. આ આર.ટી.આઈ. સાથે અરજીની ઓ.સી.કોપીની ઝેરોક્ષ/નકલ રજુ કરેલ છે.<br>(૩) જો લાભાર્થીને મકાનની ફાળવણી થયા બાદ ત્યાં રહેવા ન આવે તો કયાં પ્રકારના પગલા લેવામાં આવે છે. તેની માહિતી આપશોજી.<br>(૪) આ પ્રકારની આપવામાં આવેલ અરજી ઉપર કેટલા દિવસમાં નિકાલ અને પગલાં લેવામાં આવેલ છે. તેની જરૂરી માહિતી આપવા વિનંતી કરશોજી.<br>(૫) જો લાભાર્થીએ સાત (૭) વર્ષ બાદ જો ભાડેથી મકાન આપી શકતાં હોય તો તે બદલનો ઠરાવ તેમજ પરવાનગી પત્ર આપવા મહેરબાની કરશોજી.<br>(૬) અમો એપેલેન્ટની આ અપીલ મંજુર કરવા મહેરબાની કરશોજી. |

ઉપરોકત અપીલ સંદર્ભે અત્રેના પત્ર નં.એફો.હા.સેલ.આ.નં.૨૧૨૬ તા.૩૦/૦૧/૨૦૨૫ના રોજ પત્ર પાઠવી તા.૦૧/૦૨/૨૦૨૫ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે અત્રેની કચેરીએ અપીલ અધિકારી સમક્ષ રૂબરૂ સુનવણી રાખવામાં આવેલ. જે અન્વયે અરજદાર હાજર રહેલ પરંતુ એપેલેટ અધિકારી આકસ્મિક કારણોસર રજા પર હોય, રૂબરૂ સુનવણીમાં હાજર રહી શકેલ નહી. તેથી પત્ર નં.એફો.હા.સેલ.આ.નં.૨૧૬૮ તા.૦૩/૦૨/૨૦૨૫ના રોજ પત્ર પાઠવી તા.૧૦/૦૨/૨૦૨૫ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે અત્રેની કચેરીએ અપીલ અધિકારી સમક્ષ ફરી રૂબરૂ સુનવણી રાખવામાં આવેલ. જે અન્વયે અરજદારે પોતાની રજુઆત નીચે મુજબ રજુ કરેલ છે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૯૫૫૧ | | એફોર્ડેબલ હાઉસીંગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ધાસ્તીપુરા, સુરત–૩. |

| **અપીલ સુનવણી તબકકે અરજદારની રજુઆત** |
|---|
| સુરત મહાનગરપાલિકાના કમિશ્નરશ્રીને ભાડુઆતની વિરુધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરવા બાબતની અરજી આપેલ જે અરજી અનુંધાનમાં જરૂરી કાર્યવાહી જણાવવા જરૂરી કાર્યવાહી બાબતે ચર્ચા કરતા સ્ટેન્ડીગ કમીટી ઠરાવ ક્રમાંક નંબર ૧૮૩૨/૨૦૧૫, ૯૦૪/૨૦૧૭, ૬૫૫/૨૦૨૧ ને ઘ્યાને લઈ જરૂરી કાર્યવાહી કરવાની સતા આપેલ હોવા છતા તેનો ઉપયોગ કરવો જરૂરી છે. |

| **અપીલ તબકકે પુર્તતા** |
|---|
| આપના ઘ્વારા માંગવામાં આવેલ ઉપરોકત અપીલ તબકકેની માહિતી સંદર્ભે તા.૦૬/૦૮/૨૦૨૪ ની અરજીમાં ભાડે આપેલ ફલેટોના નંબરનો કોઈ ચોકકસ ઉલ્લેખ કરવામાં આવેલ ન હતો. જે અન્વયે તા.૨૮/૦૧/૨૦૨૫ સુમન કલા બિલ્ડીગ–એ ની ભાડુઆતની વિરુધ્ધમાં કાર્યવાહી કરવાની અરજી અન્વયે એફો.હા.સેલ.આ.નં.૨૩૧૫ તા.૧૯/૦૨/૨૦૨૫ ના પત્રમાં જણાવ્યા દર્શાવ્યા મુજબના ફલેટ નંબરના લાભાર્થીઓ પ્રત્યે ભાડે આપેલ આવાસ અંગે કાયદેસરની કાર્યવાહી કરવા માટે અરજી લાગત ઝોનને મોકલવામાં આવેલ છે. |

**–: હુકમ :–**

આપની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ઘ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

ઉપરોકત હકીકત ઘ્યાને લેતા મજકુર આપના ઘ્વારા માંગવામાં આવેલ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) દ્વારા પત્ર નં .એફો.હા.સેલ/૧૬૦૧ તા.૦૬/૧૨/૨૦૨૪ થી નમુના–ગ માં જવાબ/પુર્તતા અન્વયે કાર્યવાહી સંદર્ભે માહિતી પુરી પાડવામાં આવેલ છે. જે અપીલ અન્વયે આપશ્રીને રૂબરૂ સુનાવણી દરમ્યાન અપીલ અરજી તેમજ અપીલ સુનવણી તબકકેની રજુઆત બાબતે તા.૦૬/૦૮/૨૦૨૪ ની અરજી તેમજ તા.૨૮/૦૧/૨૦૨૫ અરજી અન્વયે એફો.હા.સેલ.આ.નં.૨૩૧૫ તા.૧૯/૦૨/૨૦૨૫ ના પત્રમાં જણાવ્યા મુજબ સ્થાયી સમિતિ ઠરાવ નં.૯૦૪/૨૦૧૭ તા.૦૬/૦૭/૨૦૧૭ ના મુદા નં.૧૨ માં જણાવ્યા મુજબ કાર્યવાહી માટે જે તે ઝોન પ્રતિ મોકલવામાં આવેલ. જે ઘ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(એર્ફોડેબલ હાઉસીંગ સેલ) ઘ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને નિયમાનુંસારની જણાતી હોય, સુનાવણી દરમ્યાન અપીલ અરજી તેમજ અપીલ સુનાવણી તબકકેની રજુઆત બાબતે વિસ્તૃત ચર્ચા કરી પુરતી સમજ આપવામાં આવેલ હોય પ્રસ્તુત અપીલ અરજી પરત્વે વધુ કોઈ માહિતી પુરી પાડવાની કે કાર્યવાહી કરવાનું જરુરી જણાતુ નહી હોય અપીલ અરજી દફતરે કરવા જોગ જણાય છે.

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

એફો.હા.સેલ. આ.નં./૨૪૪૧
તા.૦૧/૦૩/૨૦૨૫

**( એમ.પી. ભીટોરા )**
**એપેલેટ અધિકારી અને**
**પર્સોનેલ ઓફીસર,**
**એફોર્ડેબલ હાઉસીંગ સેલ**

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફો.હા.સેલ) પ્રતિ...... જાણ માટે.
**નકલ રવાનાઃ** નોડલ ઓફિસરશ્રી (આર.ટી.આઈ.સેલ) પ્રતિ.... જાણ માટે.
**નકલ રવાનાઃ** શ્રી મુકેશભાઈ આર.રામગોન્ડે.......પ્રતિ.... જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૯૫૫૧ | | એફોર્ડેબલ હાઉસીંગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીંગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ધાસ્તીપુરા, સુરત–૩. |

**<u>અપીલ અરજી નં. ૦૪/૨૪–૨૫</u>**

**અરજદાર :** શ્રી અરૂણ એસ પાઠક
**સામાવાળા :** સેકશન ઓફીસર ( એફોર્ડેબલ હાઉસીંગ સેલ ) અને જાહેર માહિતી અધિકારી.

**<u>ફરીયાદની હકીકત :–</u>**

**વિષયઃ**– અરજદાર શ્રી અરૂણ એસ પાઠકની આર.ટી.આઈ. એકટ હેઠળની તા.૧૦/૦૧/૨૦૨૫ ની અરજી આઈ.ડી.નં.–૪૨૦ (મધ્યસ્થ કચેરી) મુદ્દા નં.૧ થી ૪ સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ**–અરજદાર મજકુરની તા.૧૭/૦૨/૨૦૨૫ની અપીલ અરજી નં.**No.SMC/AFO/FAP/04/24-25.**

અરજદારશ્રી અરૂણ એસ પાઠકે તેઓની મુળ અરજી તા.૧૦/૦૧/૨૦૨૫ના રોજ કરેલ આઈ.ડી.નં.૪૨૦ (મધ્યસ્થ કચેરી) થી મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગેલ. જે માહિતી સંદર્ભે એફોર્ડેબલ હાઉસીંગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર દ્વારા પત્ર નં એફો.હા.સેલ/૨૨૨૦ તા.૦૬/૦૨/૨૦૨૫ થી નમુનો–ખ મુજબ નકલ ફી રૂા. ૪૮૨/– ભરપાઈ કરવા પત્ર પાઠવવામાં આવેલ.

ઉપરોકત પત્ર નં એફો.હા.સેલ/૨૨૨૦ તા.૦૬/૦૨/૨૦૨૫ થી નમુનો–ખ મુજબ નકલ ફી ભરવા જણાવતો પત્ર તા. ૧૦/૦૨/૨૦૨૫ ના રોજ ટપાલ કરેલ હોવાથી તે પત્ર અમને તારીખ ૧૨/૦૨/૨૦૨૫ ના રોજ મળેલ હોવાથી નિયત સમયગાળા પછી ફી ભરવા જણાવેલ જેથી માહિતી વિના મૂલ્યે પૂરી પાડવા હુકમ કરશોજી તેમ જણાવી પ્રથમ અપીલ દાખલ કરેલ છે.

**પ્રથમ અપીલ કરી દાદ માંગેલ છે. જે લાગત રજુઆત બાબતે ખાતાકીય પૂર્તતા દર્શાવ્યા મુજબ છે.**

| અપીલ તબકકે અરજદારની રજુઆત | અત્રેના ખાતાને લાગત મુદ્દાની ખાતાકીય પૂર્તતા |
|---|---|
| માંગેલ માહિતીના અનુસંધાને જાહેર માહિતી અધિકારી દ્વારા ૩૦ દિવસ પછી નકલ ફી ભરવા જણાવતો તા. ૦૬/૦૨/૨૦૨૫ નો પત્ર તા.૧૦/૦૨/૨૦૨૫ ના રોજ ટપાલ કરેલ હોવાથી તે પત્ર અમને તા.૧૨/૦૨/૨૦૨૫ ના રોજ મળેલ હોવાથી નિયતસમયગાળા પછી ફી ભરવા જણાવેલ હોવાથી માંગવામાં આવેલ માહિતી વિનામૂલ્યે પૂરી પાડવા હુકમ કરશોજી. | અરજદારે તેઓની મુળ અરજી તા.૧૦/૦૧/૨૦૨૫ના રોજ કરેલ આઈ.ડી.નં.૪૨૦ (મધ્યસ્થ કચેરી) થી મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગેલ. જે માહિતી સંદર્ભે એફોર્ડેબલ હાઉસીંગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) દ્વારા પત્ર નં એફો.હા.સેલ/૨૨૨૦ તા.૦૬/૦૨/૨૦૨૫ થી નમુનો–ખ મુજબ નકલ ફી રૂા. ૪૮૨/– ભરપાઈ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જે પત્ર પાઠવવા તા.૦૭/૦૨/૨૦૨૪ ના રોજ શરતચૂકથી વિલંબ થયેલ હોય, તા.૦૮/૦૨/૨૦૨૪ ના રોજ બીજા શનિવારની રજા તેમજ તા.૦૯/૦૨/૨૦૨૪ ના રોજ રવિવારની રજા હોય તા.૧૦/૦૨/૨૦૨૫ ના રોજ સ્પીડ પોસ્ટ કરેલ હોય, અરજી ની મૂળ તા.૧૦/૦૧/૨૦૨૫ થી ૩૦ દિવસ તા.૦૯/૦૨/૨૦૨૫ ના રોજ પૂરા થતા હોય નિયત સમયગાળા કરતા નકલ ફી પત્ર પાઠવવામાં વિલંબ થયેલ હોય, અરજદારને માહિતી/પુર્તતા વિના મૂલ્યે પુરી પાડવાની રજુઆત ગ્રાહય રાખી માહિતી વિના મૂલ્યે પૂરી પાડવા જોગ જણાય છે. |

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૯૫૫૧ | | એફોર્ડેબલ હાઉસીંગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ધાસ્તીપુરા, સુરત–૩. |

**–: હુ ક મ :–**

આપની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ઘ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

ઉપરોકત હકીકત ઘ્યાને લેતા મજકુર આપના ઘ્વારા માંગવામાં આવેલ અરજીના મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગેલ. જે માહિતી સંદર્ભે એફોર્ડેબલ હાઉસીગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર દ્વારા પત્ર નં એફો.હા.સેલ/૨૨૨૦ તા.૦૬/૦૨/૨૦૨૫ થી નમુનો–ખ મુજબ નકલ ફી રૂા. ૪૮૨/– ભરપાઈ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જે પત્ર પાઠવવા તા.૦૭/૦૨/૨૦૨૪ ના રોજ શરતચૂકથી વિલંબ થયેલ હોય, તા.૦૮/૦૨/૨૦૨૪ ના રોજ બીજા શનિવારની રજા તેમજ તા.૦૯/૦૨/૨૦૨૪ ના રોજ રવિવારની રજા હોય તા.૧૦/૦૨/૨૦૨૫ ના રોજ સ્પીડ પોસ્ટ કરેલ હોય, અરજી ની મૂળ તા.૧૦/૦૧/૨૦૨૫ થી ૩૦ દિવસ તા.૦૯/૦૨/૨૦૨૫ ના રોજ પૂરા થતા હોય નિયત સમયગાળા કરતા નકલ ફી પત્ર પાઠવવામાં વિલંબ થયેલ હોય, આપને માહિતી/પુર્તતા વિના મૂલ્યે પુરી પાડવાની રજુઆત ગ્રાહય રાખી માંગ્યા મુજબ માહિતી/પુર્તતા વિના મૂલ્યે પૂરી પાડી અપીલ અરજીનો યોગ્ય નિકાલ કરી દફતરે કરવામાં આવે છે.

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

એફો.હા.સેલ. આ.નં./૨૬૨૫
તા. ૧૦/૦૩/૨૦૨૫

**( એમ.પી. ભીટોરા )**
**એપેલેટ અધિકારી અને**
**પર્સોનેલ ઓફીસર,**
**એફોર્ડેબલ હાઉસીંગ સેલ**

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફો.હા.સેલ) પ્રતિ...... જાણ માટે.
**નકલ રવાનાઃ** નોડલ ઓફિસરશ્રી (આર.ટી.આઈ.સેલ) પ્રતિ.... જાણ માટે.
**નકલ રવાનાઃ** શ્રી અરૂણ એસ પાઠક.......પ્રતિ.... જાણ માટે.